*This content is licensed for personal use only, not for any commercial use.






# બેડ અને વેન્ટિલેટરના અભાવથી થતાં મોતના વિરોધમાં મહાપાલિકામાં મૌન ધરણાં

## 80 ટકા બેડ અનામત રાખવાની સરકારની કાગળ પરની જાહેરાત સામે નગરસેવકોનો વિરોધ

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

મુંબઈમાં કોરોના ચેપના બનાવો સતત વધી રહ્યા છે, આવા દર્દીઓને બેડ માટે ભટકવું પડે છે. બેડ, આઈસીયુ અને વેન્ટિલેટરના અભાવને લીધે અત્યાર સુધીમાં ગંભીર રીતે બીમાર અનેક દર્દીઓ મૃત્યુ પામ્યા છે.

આ મામલે વિરોધ નોંધાવવા મહાપાલિકાના મુખ્યાલયમાં શુક્રવારે મેયર, મ્યુનિસિપલ કમિશનર અને એડિશનલ કમિશનરની ઓફિસની બહાર નગરસેવકોએ કાળી પટ્ટી અને માસ્ક પહેરીને એક કલાક સુધી મૌન ધરણાં કર્યાં હતાં.



80 ટકા બેડ અનામત રાખવાની સરકારની કાગળ પરની જાહેરાત સામે તેમણે બેનરો હાથમાં રાખી વિરોધ દર્શાવ્યો હતો. રાજ્ય સરકારે 21 મેના રોજ એક પરિપત્ર બહાર પાડીને ખાનગી હોસ્પિટલોના 80 ટકા બેડ અનામત રાખી રાજ્ય સરકાર હસ્તક કોરોના દર્દીઓ માટે સંભાળી લેવાનો આદેશ આપ્યો હતો. જોકે 14 દિવસ બાદ પણ ખાનગી હોસ્પિટલોમાં દર્દીના બેડ, સંભાળ અને વેન્ટિલેટર મુંબઈવાસીઓને ઉપલબ્ધ કરાયા નથી. તેના વિરોધમાં ભાજપના જૂથના નેતા પ્રભાકર શિંદે, વિનોદ મિશ્રા, ભાલચંદ્ર શિરસાત, અતુલ શાહ, કમલેશ યાદવ, અભિજિત સામંત, સુનીલ યાદવ, એડ. મકરંદ નાર્વેકર, સુષમા સાવંત, અનિસ મકવાણા, ઉજ્જવલા મોડક, રિટા મકવાણા, દક્ષા પટેલ, જ્યોતિ અળવણી, રાજશ્રી શિરવાડકર અને નેહલ શાહે ધરણાં કર્યાં હતાં.

મહાપાલિકામાં ભાજપના જૂથ નેતા પ્રભાકર શિંદેએ આરોપ કર્યો હતો કે કોરોનાથી પીડિત દર્દીઓ બેડ માટે ભટકી રહ્યા છે, ગંભીર રીતે બીમાર સેંકડો દર્દીઓ બેડ, આઈસીયુ અને વેન્ટિલેટરના અભાવને કારણે મૃત્યુ પામ્યા છે. આ અંગે વારંવાર પત્રવ્યવહાર, વ્હોટ્સએપ, ઈ-મેઈલ, ટ્વિટ્સ અને સામસામે ચર્ચાઓ છતાં પ્રશાસને હજી સુધી ખાનગી હોસ્પિટલોમાં બેડ કબજે લઈને સંભાળ્યા નથી. મહાપાલિકાએ મુંબઈની ખાનગી હોસ્પિટલોમાં એટલે કે 16,000 બેડમાં 80 ટકા બેડ પર શ્વેતપત્ર બહાર પાડવું જોઈએ. આ બેડ 24 કલાકની અંદર કબજે કરવા જોઈએ અને માહિતી ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના ડેશબોર્ડ પર મૂકવી જોઈએ. આ ડેશબોર્ડને મોબાઈલ એપ પર સામાન્ય નાગરિકો માટે ઉપલબ્ધ કરાવવું જોઈએ.

ખાનગી હોસ્પિટલોમાં કોવિડ દર્દીઓની સારવાર માટેનો ટેરિફ પ્રકાશિત કરવો જોઈએ.

# સાયનમાં દરદીઓના વોર્ડમાં મૃતદેહનો મામલો હાઈ કોર્ટમાં

## સરકાર અને મહાપાલિકાને જવાબ નોંધાવવા માટે નિર્દેશ અપાયા

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

સાયન હોસ્પિટલમાં (લોકમાન્ય ટિળક હોસ્પિટલ) કોરોનાથી મૃત્યુ પામેલી વ્યક્તિના મૃતદેહને દરદીઓના વોર્ડમાં મૂકવામાં આવે છે એવી વાતો બહાર આવ્યા પછી હાઈ કોર્ટમાં અરજી કરવામાં આવી છે. કોર્ટે તેની નોંધ લેતાં સરકાર અને મહાપાલિકાને આ અંગે જવાબ નોંધાવવા માટે આદેશ આપ્યો છે. ચીફ જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ એ એ સૈયદની ખંડપીઠે આ અરજીની સુનાવણી કરી હતી. વિધાનસભ્ય આશિષ શેલાર વતી એડ. રાજેન્દ્ર પૈ અને એડ. અમિત મહેતા દ્વારા આ અરજી કરવામાં આવી છે. ખંડપીઠે વિગતવાર સુનાવણી માટે હવે આ અરજી દાખલ કરી લીધી છે. અરજીમાં કરવામાં આવેલા આરોપ અને દાવાઓ, સાયન હોસ્પિટલની ઘટના વિશે એફઆઈઆર દાખલ કરાવીને નિવૃત્ત જજ સહિત બે નિષ્ણાત ડોક્ટર અને બે અધિકારીઓની વિશિષ સમિતિ મારફત તપાસ કરવાની માગણી કરવામાં આવી છે. ઉપરાંત મુંબઈમાં કોરોના સિવાય અન્ય બીમારીઓના દરદીઓ માટે હોસ્પિટલમાં પૂરતા બેડ્સ ઉપલબ્ધ નહીં હોવાનો અને એમ્બ્યુલન્સની પણ સદંતર અછત છે, લોકડાઉનની અમુક ભાગોમાં પ્રભાવશાળી રીતે અમલબજાવણી થતી નહીં હોવાથી જ કેન્દ્રીય અનામત પોલીસ દળ તહેનાત કરવાની જરૂર પડી છે એવું પણ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું છે, જેનો પણ જવાબ નોંધાવવા માટે કોર્ટે પ્રશાસનને જણાવ્યું છે. ટૂંક સમયમાં જ ફરીથી સુનાવણી હાથ ધરાશે. દરમિયાન કોરોનાના સંક્રમણને લીધે મુશ્કેલીમાં આવેલી અસંગઠિત કામદારો અને શ્રમિકો, ઓટોરિક્ષા, ઓલા, ઉબર, ટેક્સી ચાલકો, દુકાનદારો અને તેમના કર્મચારીઓ, ખેડૂતોને તાત્કાલિક મદદનું પેકેજ આપવા રાજ્ય સરકારને નિર્દેશ આપવા પણ દાદ માગવામાં આવી છે. જોકે આ બાબતની વ્યાપ્તિ બહુ મોટી હોવાથી તે વિશે સ્વતંત્ર અરજી કરવી એવું સૂચવતાં ખંડપીઠે અન્ય અરજી કરવાની પણ છૂટ આપી છે.

# સરકારની ઉદાસીનતાથી કોરોના તપાસ માટે હજુ રૂ 4500 ખર્ચવા પડે છે

## સરકારે માન્યતાપ્રાપ્ત લેબોરેટરીઓ સાથે ચર્ચા કરીને દર નિશ્ચિત કરવાના છે

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

ભારતીય તબીબી સંશોધન પરિષદ (આઈસીએમઆર) દ્વારા ગયા અઠવાડિયામાં કોરોનાની તપાસ માટે રૂ. 4500ની મર્યાદા કાઢી નાખી હતી અને રાજ્ય સરકારને દર નિશ્ચિત કરવાની છૂટ આપી હતી. આઈસીએમઆરના નિર્દેશ અનુસાર રાજ્ય સરકારે માન્યતાપ્રાપ્ત લેબોરેટરીઓ સાથે ચર્ચા કરીને દર નિશ્ચિત કરવાના છે. જોકે સરકારે હજુ તેની પર નિર્ણય લીધો નથી, જેને લીધે ખાનગી લેબમાં રૂ. 2000 લેવામાં આવી રહ્યા છે ત્યારે મુંબઈગરા રૂ. 3000-4000 ચૂકવી રહ્યા છે. ટેસ્ટિંગ લેબ માટે સરકાર અને મહાપાલિકાએ ટેન્ડર મગાવવાં જોઈએ એવી માગણી તબીબી ક્ષેત્રના જાણકાર અને વિરોધી પક્ષના નેતાએ કરી છે. આ સ્પર્ધાને લીધે તપાસના દર અડધોઅડધ ઓછા થશે અને મુંબઈગરાને રૂ. 2000માં નિદાનનો લાભ મળશે. કર્ણાટર સરકારે રૂ. 2250 દર અગાઉથી નિશ્ચિત કર્યા છે. હાલમાં મુંબઈ અને મહાનગર પ્રદેશની ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં રોજ આશરે 6000 તપાસ થાય છે. મુંબઈમાં હમણાં સુધી 2 લાખથી વધુ તપાસ કરવામાં આવી છે. ગયા અઠવાડિયા સુધી આઈસીએમઆરે નિશ્ચિત કરેલા પ્રતિ તપાસ રૂ. 4500 લાગુ થતા હતા. જોકે આ દર હવે લાગુ નહીં રહે, એમ રાજ્યના સચિવોને પત્ર દ્વારા જણાવ્યું છે. દેશમાં હવે તપાસની પૂરતી ક્ષમતા હોઈ સુવિધાઓ ઉપલબ્ધ છે, એમ આઈસીએમઆરનું કહેવું છે.

આયાત કરેલા કિટ્સ પર હવે ઓછો આધાર રાખવામાં આવે છે ,કારણ કે દેશાંતર્ગત ઉત્પાદન હવે ભરપૂર છે. એકલા મુંબઈમાં આઈસીએમઆરે માન્યતા આપેલી 12થી વધુ લેબ છે. મહાપાલિકાએ નમૂના આપતાં તપાસ રૂ. 2000માં કરવાની ઓફર થાઈરોકેર જેવી લેબે આ પૂર્વે આપી હતી. અમુક લેબે ઓછા દરમાં તપાસ કરવાની તૈયારી દર્શાવી હોવા છતાં મહાપાલિકા તરફથી આ લેબની ભલામણ કરવામાં આવતી નથી.

**હાઈ રિસ્ક કોન્ટેક્ટની તપાસ:** મુંબઈમાં રોજ થતી તપાસની સંખ્યા હવે ઓછી થઈ છે. જોકે હાઈ રિસ્ક કોન્ટેક્ટમાં આવેલા બધાની જ તપાસ કરવા પર ભાર આપવામાં આવી રહ્યો છે. આથી તપાસ વધી છે. આથી દર ઓછા રહેવાનું આવશ્યક હોવાનું એક ખાનગી લેબે જણાવ્યું હતું.

**સ્પર્ધા થાય તો દર ઓછા થશે:** વિધાનસભ્ય અમિત સાટમે લેબ માટે ટેન્ડર મગાવવાની માગણી કરી છે. જો સ્પર્ધા થશે તો તપાસનો દર આપોઆપ રૂ. 2000થી નીચે આવશે, એવું તેમનું કહેવું છે.

### હવે પ્રિસ્ક્રિપ્શનની જરૂર નહીં

દરમિયાન મહાપાલિકાએ નજીકમાં સંપર્કમાં આવેલા લોકોની તપાસ કરવા માટે ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શનની શરત કાઢી નાખી છે. આથી લક્ષણો નહીં હોય તે છતાં તપાસ કરી શકાશે. હમણાં સુધી લક્ષણો ધરાવતી વ્યક્તિઓની સરકારી અથવા ખાનગી ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના તપાસ કરાતી નહોતી.

# પોલીસ હવે વર્ચ્યુઅલ એપોઈન્ટમેન્ટ સિસ્ટમ લાવશે

## નાગરિકો ઘેરબેઠાં ઓનલાઈન અધિકારીઓને ફરિયાદ કરી શકશે

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

કોરોનાને લીધે સોશિયલ ડિસ્ટન્સિંગનું મહત્ત્વ વધી જવાથી તેનું પાલન કરવા માટે જાતજાતની તરકીબો શોધવામાં આવી રહી છે. તેમાંથી જ એક પોલીસે વર્ચ્યુઅલ એપોઈન્ટમેન્ટ સિસ્ટમ શરૂ કરવાની યોજના ઘડી કાઢી છે. આ સુવિધાનો અમલ થતાં નાગરિકો ઘેરબેઠાં અધિકારીઓ સાથે ઓનલાઈન વાત કરી શકશે, તેમની ફરિયાદો નોંધાવી શકશે અને તેનો ઉકેલ ચાહી શકશે. પુણે પોલીસે આ પહેલની દિશામાં પ્રયાસ શરૂ કર્યા છે. આરંભમાં પુણે પોલીસ કમિશનરેટ ખાતે સુવિધા રજૂ કરાશે. પુણે હજુ પણ કોરોના માટે હોટસ્પોટ છે. બીજી બાજુ લોકડાઉન હળવો થતાં ગુનાખોરી વધવાની પણ સંભાવના છે. આ જોતાં પુણે પોલીસે આ સંકલ્પના વિચારી છે. સામાન્ય રીતે નાગરિકો ફરિયાદ નોંધાવવી હોય તો પોલીસ કમિશનર કાર્યાલય અથવા સંબંધિત પોલીસ સ્ટેશનમાં જતા હોય છે. સિનિયર અધિકારીઓ ફરિયાદની નોંધ લે છે અને જરૂરી પગલાં લેવા સૂચનાઓ આપે છે. જોકે આ પ્રણાલી કોરોનાવાઈરસનો ફેલાવો વધ્યા પછી રોકવામાં આવી હતી અને ત્યાર પછી માર્ચના અંતમાં લોકડાઉન આવી પડ્યું હતું. શહેરમાં લોકડાઉન હળવો થયા પછી ગુનાઓમાં પણ વધારો થઈ રહેલો જોવા મળે છે. પોલીસ ચોકીઓ બંધ હોવાથી નાગરિકોને પોલીસ સુધી પહોંચવાનું મુશ્કેલ બન્યું છે, એમ પોલીસ કમિશનર કે. વેન્ટકેશમે જણાવ્યું હતું. આથી લોકોની આ સમસ્યા ધ્યાનમાં લેતાં વર્ચ્યુઅલ એપોઈન્ટમેન્ટ સિસ્ટમનો અમલ કરવામાં આવશે. આ સિસ્ટમમાં નાગરિકોએ એપોઈન્ટમેન્ટ લેવાની રહેશે અને તે સમયે તેઓ તેમની ફરિયાદ અંગે અધિકારી સાથે રૂબરૂ વાત કરી શકશે અને સમસ્યાનું સમાધાન ચાહી શકે છે, એમ વેન્કટેશમે જણાવ્યું હતું. જો આ પહેલ સફળ બને તો પોલીસ સ્ટેશનના સ્તરે તે શરૂ કરવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું.

# નુકસાનગ્રસ્ત રાયગઢને રૂ. 100 કરોડની મદદ

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

રાયગઢ જિલ્લામાં ચક્રવાતને લીધે થયેલા નુકસાનનાં તાત્કાલિક પંચનામાં કરવાનો આદેશ મુખ્ય મંત્રી ઉદ્ધવ ઠાકરેએ શુક્રવારે આપીને રૂ. 100 કરોડની તાકીદની મદદ ઘોષિત કરી હતી. આ શરૂઆત છે, તેને પેકેજ નામ આપશો નહીં. અમે સીધી મદદની શરૂઆત કરી છે, એમ તેમણે જણાવ્યું હતું. કોંકણના કિનારે બુધવારે ત્રાટકેલા નિસર્ગ ચક્રવાતથી રત્નાગિરિ, રાયગઢમાં બહુ નુકસાન થયું હતું. અનેક ઘરોને નુકસાન થયું, હજારો ઝાડ ઊખડી પડ્યાં, ખેતી અને જનાવરોને ફટકો પડ્યો, વીજળીના થાંભલા અને મોબાઈલ ટાવરો તૂટી પડતાં અનેક ગામડાંનો સંપર્ક તૂટી ગયો છે તો કેટલાંકમાં અંધારપટ છવાઈ ગયો છે.

# માર્ચ - એપ્રિલ કરતાં પણ મે મહિનામાં મુંબઈના પ્રદૂષણમાં મોટો ઘટાડો

## લોકડાઉનને લીધે અશક્ય વાત વાસ્તવિકતામાં પલટાઈ

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

લોકડાઉનના સમયમાં મુંબઈમાં હવાના પ્રદૂષણના સ્તરમાં મોટો સુધારો જણાયો છે. મુંબઈ મહાપાલિકા યંત્રણા પાસે ઉપલબ્ધ નોંધના આધારે જાન્યુઆરીથી મે મહિના સુધીનો પ્રદૂષણ અહેવાલ જાહેર કરવામાં આવ્યો હતો. આ અહેવાલ અનુસાર મે મહિનામાં માર્ચ અને એપ્રિલ કરતા પણ પ્રદૂષણના સ્તરમાં મોટો ઘટાડો થયો છે. પર્યાવરણનું રક્ષણ કરવા ઉદ્યોગજગતે પર્યાવરણપૂરક બદલાવ લાવવો એવી હાકલ આ અહેવાલમાં કરવામાં આવી છે.

હવાના પ્રદૂષણ માટે કારણભૂત પીએમ ૨.૫, પીએમ ૧૦, ઓઝોન, કાર્બન મોનોક્સાઈડ, નાઈટ્રોજન ડાયોક્સાઈડનું સ્તર મહાપાલિકા તરફથી મોજવામાં આવ્યું હતું. વાયુ વૈવિધ્ય સર્વેક્ષણ અને સંશોધન પ્રયોગશાળાના માધ્યમથી તેમ જ પ્રદૂષણ ગણતરી પ્રણાલી સફર-મુંબઈના માધ્યમથી આ નિરીક્ષણો નોંધવામાં આવ્યા છે. વાયુ સર્વેક્ષણ પ્રયોગશાળાના અખત્યાર હેઠળ ત્રણ ઠેકાણે વાયુ સર્વેક્ષણ કેન્દ્ર છે. ચાર વાહન આધારિત (મોબાઈલ વેન) સર્વેક્ષણ કેન્દ્ર છે. તેમ જ સફરના ૯ સ્વયંસંચાલિત હવાની ગુણવત્તાની ગણતરી કરતા કેન્દ્રો મુંબઈમાં છે. એમાં ચેંબુર કેન્દ્ર પર પ્રદૂષણના સ્તરની નોંધણી એપ્રિલ અને મે મહિનામાં થયું નથી. જોકે જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં બીકેસી, અંધેરી, મલાડ ખાતે પીએમ ૧૦ની સ્તર વધારે હતું. બીકેસીમાં જાન્યુઆરીમાં એ ૨૦૫ હતું. મે મહિનામાં બધા જ ઠેકાણે આ નિર્દેશાંક ૫૦થી ઓછો નોંધાયો છે. બોરીવલીમાં મે મહિનામાં સરેરાશ નિર્દેશાંક ૬૮ છે. પીએમ ૨.૫ની ગુણવત્તા નિર્દેશાંક એપ્રિલ મહિનાની સરખામણીએ મે મહિનામાં વધુ નીચે આવ્યાનું જણાયું છે. આ નિર્દેશાંક ભાંડુપ અને કોલાબા છોડીને અન્ય ઠેકાણે જાન્યુઆરીમાં ૫૦થી ઉપર હતો. મે મહિનામાં આ નિર્દેશાંક મલાડ છોડીને અન્ય ઠેકાણે ૨૫થી નીચે છે. મલાડમાં આ નિર્દેશાંક ૩૬ છે. કાર્બન મોનોક્સાઈડનું પ્રમાણ મલાડ અને વરલી ખાતે મે મહિનામાં વધ્યાનું જણાયું છે. આ પ્રમાણ દૈનિક નિર્દેશાંક કરતા પણ વધુ હોવાનું સ્પષ્ટ થયું છે. અન્ય ઠેકાણે આ પ્રમાણ સરખામણીએ દૈનિક નિર્દેશાંક કરતા ઓછું છે. નાઈટ્રોજન ડાયોક્સાઈડનું પ્રમાણ લોકડાઉનના સમયમાં ઓછું થયું છે. મઝગાવમાં આ ફરક નોંધનીય છે. મઝગાવમાં જાન્યુઆરીમાં ૬૯ અને ફેબ્રુઆરીમાં ૭૫ નોંધવામાં આવ્યું હતું. મે મહિનામાં ૧૧ નોંધવામાં આવ્યું છે. જાન્યુઆરીમાં તમામ કેન્દ્રોમાં પ્રદૂષણનો ગુણવત્તા નિર્દેશાંક ખરાબ અથવા અતિ ખરાબ હતો. જોકે આ સ્તર ૨૩ માર્ચથી ૩૧ મે સુધીના સમયમાં સંતોષકારક હોવાનું મહાપાલિકાએ સ્પષ્ટ કર્યું છે.

### પર્યાવરણપૂરક બદલાવની જરૂર

મહાપાલિકાએ નોંધેલા નિરીક્ષમમાં છેલ્લા દસ વર્ષમાં શહેરોમાં વધેલા ઉદ્યોગધંધા, બાંધકામ, પરિવહનને કારણે પ્રદૂષણનું સ્તર ખૂબ વધ્યાનું નોંધાયું છે. એના પર યોગ્ય નિયંત્રણ રાખવામાં આવે તો પ્રદૂષણનું સ્તર નિયંત્રિત રહેવામાં મદદ થશે. એના માટે ઉદ્યોગ જગતે પર્યાવરણ જાળવવા પર્યાવરણપૂરક બદલાવ કરે એવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવે છે.

This addendum to the Letter of Offer (**"Addendum"**) in India is for information purposes only and does not constitute an offer or an invitation or a recommendation to purchase, to hold, to subscribe or sell either entitlements or securities. All capitalized terms used herein and not defined herein shall have the meaning assigned to them in the letter of offer dated May 15, 2020 read with addenda dated May 18, 2020, May 19, 2020 and May 22, 2020 (the **"Letter of Offer"**) filed with the stock exchanges, namely BSE Limited (**"BSE"**) and National Stock Exchange of India Limited (**"NSE"** and together with BSE, **"Stock Exchanges"**) and the Securities and Exchange Board of India (**"SEBI"**).

**Reliance Industries Limited**

Our Company was originally incorporated as "Mynylon Limited" in the State of Karnataka as a public limited company, under the Companies Act, 1956, pursuant to a certificate of incorporation dated May 8, 1973 issued by the Registrar of Companies, Karnataka, at Bangalore. Thereafter our Company obtained a certificate of commencement of business on January 28, 1976. Subsequently, the name of our Company was changed to "Reliance Textile Industries Limited" and a fresh certificate of incorporation consequent on change of name dated March 11, 1977, was issued by the Registrar of Companies, Karnataka, at Bangalore. The name of our Company was further changed to "Reliance Industries Limited" and a fresh certificate of incorporation consequent on change of name dated June 27, 1985 was issued by the Registrar of Companies, Maharashtra, at Mumbai. For details of changes in our name and address of our registered office, see "History and Corporate Structure" on page 121 of the Letter of Offer.

**Registered and Corporate Office**: 3rd Floor, Maker Chambers IV, 222, Nariman Point, Mumbai 400 021
**Telephone**: +91 (22) 3555 5000; **Facsimile**: +91 (22) 2204 2268
**Contact Persons**: Shri K. Sethuraman, Group Company Secretary and Chief Compliance Officer, and Smt. Savithri Parekh, Joint Company Secretary and Compliance Officer
**E-mail**: investor.relations@ril.com • **Website**: www.ril.com • **Corporate Identity Number:** L17110MH1973PLC019786

**PROMOTER OF OUR COMPANY: SHRI MUKESH D. AMBANI**

**ISSUE OF 42,26,26,894 PARTLY PAID-UP EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH ("RIGHTS EQUITY SHARES") OF OUR COMPANY FOR CASH AT A PRICE OF ₹ 1,257 PER RIGHTS EQUITY SHARE (INCLUDING A PREMIUM OF ₹ 1,247 PER RIGHTS EQUITY SHARE) AGGREGATING TO ₹ 5,31,24,20,05,758 ON A RIGHTS BASIS TO THE ELIGIBLE EQUITY SHAREHOLDERS OF OUR COMPANY IN THE RATIO OF 1 (ONE) RIGHTS EQUITY SHARE FOR EVERY 15 FULLY PAID-UP EQUITY SHARES HELD BY THE ELIGIBLE EQUITY SHAREHOLDERS OF OUR COMPANY ON THE RECORD DATE, THAT IS, ON MAY 14, 2020 (THE "ISSUE"). FOR DETAILS, SEE "TERMS OF THE ISSUE" ON PAGE 272 OF THE LETTER OF OFFER.**

**ADDENDUM TO THE LETTER OF OFFER**

This Addendum is being issued pursuant to item (4) of Schedule IX of the Securities and Exchange Board of India (Issue of Capital and Disclosure Requirements) Regulations, 2018, as amended (**"SEBI ICDR Regulations"**). Our Company has filed the Letter of Offer with the Stock Exchanges and SEBI.

**NOTICE TO THE ELIGIBLE EQUITY SHAREHOLDERS OF THE COMPANY**

**Eligible Equity Shareholders are requested to please note the following:**

On June 5, 2020, our Company announced that Mubadala Investment Company (**"Mubadala"**), the Abu Dhabi-based sovereign investor, will invest ₹ 9,093.60 crore into our subsidiary, Jio Platforms Limited (**"JPL"**). This investment by Mubadala values JPL at an equity value of ₹ 4.91 lakh crore and an enterprise value of ₹ 5.16 lakh crore. This investment will translate into a 1.85% equity stake of Mubadala into JPL on a fully diluted basis. The transaction is subject to regulatory and other customary approvals.

Accordingly, the Letter of Offer (including section titled "*Material Developments*" on page 245 of the Letter of Offer) shall stand amended to the extent stated hereinabove. This Addendum should be read in conjunction with the Letter of Offer, the Abridged Letter of Offer, the Application Form and the Rights Entitlement Letter. This Addendum shall be communicated to SEBI and the Stock Exchanges. Further, this Addendum can be accessed on websites of:

(i) our Company at www.ril.com;
(ii) the Registrar/ Registrar's web-based application platform at https://rights.kfintech.com; and
(iii) the Global Co-ordinators and Lead Managers and the Lead Managers.

Investors should only rely on the information included in this Addendum, the Letter of Offer, the Abridged Letter of Offer, the Application Form and the Rights Entitlement Letter.

For **RELIANCE INDUSTRIES LIMITED**
Sd/
**K. Sethuraman**
Group Company Secretary and Chief Compliance Officer
Place: Mumbai
Date: June 5, 2020

For **RELIANCE INDUSTRIES LIMITED**
Sd/
**Savithri Parekh**
Joint Company Secretary and Compliance Officer
Place: Mumbai
Date: June 5, 2020

**RELIANCE INDUSTRIES LIMITED** is proposing, subject to market conditions and other considerations, a rights issue of its Rights Equity Shares and has in this regard filed a Letter of Offer dated May 15, 2020 with SEBI and the Stock Exchanges. The Letter of Offer is available on the website of SEBI at www.sebi.gov.in, the Stock Exchanges, i.e., BSE Limited at www.bseindia.com, National Stock Exchange of India Limited at www.nseindia.com, Registrar's web-based application platform at https://rights.kfintech.com and on the websites of the Global Co-ordinators and Lead Managers, JM Financial Limited and Kotak Mahindra Capital Company Limited at www.jmfl.com and http://www.investmentbank.kotak.com, respectively, and on the websites of the Lead Managers, Axis Capital Limited, BNP Paribas, Citigroup Global Markets India Private Limited, DSP Merrill Lynch Limited, Goldman Sachs (India) Securities Private Limited, HDFC Bank Limited, HSBC Securities and Capital Markets (India) Private Limited, ICICI Securities Limited, IDFC Securities Limited, J.P. Morgan India Private Limited, Morgan Stanley India Company Private Limited and SBI Capital Markets Limited at http://www.axiscapital.co.in, http://www.bnpparibas.co.in, http://www.mlindia.com, http://www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, www.goldmansachs.com, www.hdfcbank.com, https://www.business.hsbc.co.in/en-gb/in/generic/ipo-open-offer-and-buyback, http://www.icicisecurities.com, http://www.idfc.com/capital/index.htm, http://www.jpmipl.com, http://www.morganstanley.com/about-us/global-offices/asia-pacific/india and http://www.sbicaps.com, respectively. Investors should note that investment in equity shares involves a degree of risk and are requested to refer to the section titled "Risk Factors" on page 23 of the Letter of Offer for details of the same.

THE RIGHTS ENTITLEMENTS AND THE RIGHTS EQUITY SHARES HAVE NOT BEEN AND WILL NOT BE REGISTERED UNDER THE US SECURITIES ACT, OR ANY U.S. STATE SECURITIES LAWS AND MAY NOT BE OFFERED, SOLD, RESOLD OR OTHERWISE TRANSFERRED WITHIN THE UNITED STATES, EXCEPT IN A TRANSACTION EXEMPT FROM THE REGISTRATION REQUIREMENTS OF THE US SECURITIES ACT. THE RIGHTS EQUITY SHARES REFERRED TO IN THIS ADDENDUM AND THE LETTER OF OFFER ARE BEING OFFERED AND SOLD (I) IN OFFSHORE TRANSACTIONS OUTSIDE THE UNITED STATES IN COMPLIANCE WITH REGULATION S UNDER THE US SECURITIES ACT TO EXISTING SHAREHOLDERS LOCATED IN JURISDICTIONS WHERE SUCH OFFER AND SALE OF THE RIGHTS EQUITY SHARES IS PERMITTED UNDER LAWS OF SUCH JURISDICTIONS AND (II) IN THE UNITED STATES TO U.S. QIBs PURSUANT TO SECTION 4(A)(2) OF THE US SECURITIES ACT AND OTHER EXEMPTIONS FROM THE REGISTRATION REQUIREMENTS OF THE US SECURITIES ACT. THE OFFERING TO WHICH THIS ADDENDUM AND THE LETTER OF OFFER RELATE IS NOT, AND UNDER NO CIRCUMSTANCES IS TO BE CONSTRUED AS, AN OFFERING OF ANY RIGHTS EQUITY SHARES OR RIGHTS ENTITLEMENTS FOR SALE IN THE UNITED STATES OR AS A SOLICITATION THEREIN OF AN OFFER TO BUY ANY OF THE SAID SECURITIES, EXCEPT IN EACH CASE TO PERSONS IN THE UNITED STATES WHO ARE U.S. QIBs. ACCORDINGLY, YOU SHOULD NOT FORWARD OR TRANSMIT THIS ADDENDUM OR LETTER OF OFFER IN OR INTO THE UNITED STATES AT ANY TIME (OTHER THAN TO U.S. QIBs).

All offers and sales in the United States of the Rights Entitlements and the Rights Equity Shares have been, or will be, made solely by our Company. The Global Co-ordinators and Lead Managers and the Lead Managers are not making, and will not make, and will not participate or otherwise be involved in any offers or sales of the Rights Entitlements, the Rights Equity Shares or any other security with respect to this Issue in the United States.